# સ્નેહાની સમજદારી



સ્નેહા અને શિલ્પા બંને બહેનપણીઓ હતી. સ્નેહા વધારે સમજદાર હતી તેથી શિલ્પા હંમેશા સ્નેહાની દરેક કામમાં માર્ગદર્શન અને સલાહ મેળવતી.

એક દિવસ શિલ્પાએ સ્નેહાને પોતાના ઘરે જમવા માટે આમંત્રણ આપ્યું. રવિવારના દિવસે સ્નેહા શિલ્પાના ઘરે આવી. બંને એકબીજાને મળીને ખુશ થઈ . સાથે મળીને તેઓ જમ્યા. ચા-નાસ્તો પણ કર્યો. વિવિધ વાતો પણ કરી. સ્નેહાને શિલ્પાનો બંગલો, રહેણીકરણી, તેનાં માતાપિતાના વિચારો વગેરે ખૂબ સારાં લાગ્યાં. શિલ્પાએ સ્નેહાને ખૂબ માન-સન્માન આપ્યું.

સ્નેહાએ શિલ્પાને કહ્યું 'તારું મકાન ખૂબ સારું છે. તેં મને ખૂબ માન-સન્માન આપ્યું છે. તે બદલ તારો ખૂબ ખૂબ આભાર પરંતુ તારા ઘરમાં તેં પાંજરામાં પોપટ પાળ્યો છે તેમજ તારા ઘર આંગણે કૂતરાને પટ્ટો બાંધીને રાખ્યો છે, તે વાત મને યોગ્ય લાગી નથી. આપણને જેવી રીતે ગુલામી પસંદ નથી. તેવી જ રીતે તું પોપટ અથવા કૂતરા પ્રત્યે ગમે તેટલી સારી કાળજી રાખતી હોય પણ પશુપક્ષીઓને આઝાદી તો જોઈએ ને ? તેં એની આઝાદી છીનવી લીધી છે તે વાતનું મને દુ:ખ થયું છે.' મારું કહ્યું માન. આજે જ તું પોપટને પાંજરામાંથી અને કૂતરાને પણ પટ્ટામાંથી મુક્તિ આપી દે. તારા મનને ખરેખર સાચો આનંદ મળશે. પશુ પક્ષીઓ બિચારા મૂંગા હોય છે પણ આપણે પોતાના આનંદ ખાતર તેમને બંદી બનાવીએ તે ખરેખર યોગ્ય નથી.

સ્નેહાની આ વાત સાંભળીને શિલ્પાના મનમાં પલટો આવ્યો. તેને પશુપક્ષીઓ પ્રત્યે લાગણી થઈ. તેણે તરત જ પોપટનું પાંજરું ખોલીને પોપટને કુદરતી વાતાવરણમાં ઊંચે આકાશમાં ઊડવા માટે છોડી દીધો અને કૂતરાનો પણ પટ્ટો ખોલીને તેને આઝાદ કર્યો. શિલ્પાએ સ્નેહાને કહ્યું, ખરેખર તારી વાત સાચી છે તારી આ સલાહથી મને સારી પ્રેરણા મળી છે. તું આજથી મારી બહેનપણી નહીં પણ મારી બહેન જ છે. બંને એકબીજાને ભેટી પડ્યા. બંનેની આંખોમાં આનંદની ચમક આવી ગઈ.

દોસ્તો, મૂંગાં પશુપક્ષીઓને પાંજરામાં પૂરવાનો તેમજ તેમની આઝાદી છીનવી લેવાનો આપણો કોઈ અધિકાર નથી. પશુપક્ષીઓ પ્રત્યે આપણા મનમાં લાગણી અને દયા હોવી જ જોઈએ.

લેખક: સતીશ ભુરાની